સાફલ્યગાથા અંતર્ગત જુનાગઢ જીલ્લાની કામગીરી

તા.૧૨/૦૮/૨૦૧૯ થી તા.૧૮/૦૮/૨૦૧૯

ચોરીના અરોપીને પકડી પાડતી જૂનાગઢ પોલીસ

જૂનાગઢ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં મુલ્લાવાડા , રહેમાન એપાર્ટમેન્ટ નીચે , રોનક પાન નામની દુકાનમાંથી રોકડ રૂ. 20,000/- તથા તા. 13.08.2019 ના રોજ જૂનાગઢ સર્કલ ચોક ની આજુબાજુમાં કુલ 06 દુકાનોના તાળા તોડી રોકડ રૂ. 18,650/- તથા લેડીઝ ડ્રેસ તથા કુર્તી સહિતના કુલ કિંમત રૂ. 41,950/- ના મુદ્દામાલની ચોરી થતાં, એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા , જૂનાગઢ રેન્જ આઇજીપી શ્રી સુભાષ ત્રિવેદી સાહેબ તથા જૂનાગઢ જિલ્લાના પોલીસ અધીક્ષકશ્રી સૌરભ સિંઘ સાહેબની સુચના મુજબ ઘરફોડ ચોરીના બનતા બનાવો અટકાવવા તેમજ ડિટેક્ટ કરવા સૂચના હોય , જેથી નાયબ પોલીસ અધિક્ષક , જુનાગઢ વિભાગ પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ. કે.એમ.ગોસ્વામી , પો.સ.ઇ. એ .એલ. બારસિયા તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એ ડિવિજન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. કે.એમ.ગોસ્વામી , પો.સ.ઇ. એ.એલ. બારસિયા તથા સ્ટાફ સહિતની ટીમ દ્વારા બાતમી હકીકત આધારે જગમાલ ચોક પાસેથી (1) મેરાજસા ઉર્ફે ગભરુ ઇસ્માઇલશા ફકીર ઉ.વ.૨૩ રહે. સુખનાથ ચોક , તાલુકા પોલીસ સ્ટેશન પાછળ, તાર બંગલા પાસે જૂનાગઢ તથા (2) હાસમશા ઈબ્રાહિમશા બાનવા ઉ.વ.૨૫ રહે.સુન્ની બોરવાળ ભાટિયા ધર્મશાળા રંગૂન પ્રેસ વાળી ગલી જૂનાગઢવાળાને પકડી પાડી , ધરપકડ કરી, પૂછપરછ હાથ ધરવામાં આવતા , પૈકી આરોપી (1) મેરાજસા ઉર્ફે ગભરુ ઇસ્માઇલશા ફકીર એ મુલ્લાવાડા રહેમાન એપાર્ટમેન્ટ નીચે રોનક પાન નામની દુકાનમાંથી રોકડ રૂ. 20,000/- ઘરફોડ ચોરી તથા સર્કલ ચોકની આજુબાજુમાં કુલ છ દુકાનો આરોપી (2) હાસમશા ઈબ્રાહિમશા બાનવા સાથે તાળા તોડી , ગુન્હાને અંજામ આપેલાની કબૂલાત કરવામાં આવેલ હતી. સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓએ આ ઘરફોડ ચોરીના ગુનામાં ચોરી કરવામાં આવેલ (1) ૫૭ અલગ અલગ કલરની તથા સાઈઝની કુર્તી કી રૂ. 22,800/- તથા (2) અલગ અલગ ચલણી સિક્કા કુલ કી. રૂ. 1,470/- તથા (3) અલગ અલગ ચલણી નોટો કુલ રૂ. 12,300/- એમ કુલ રૂ. 36,570/- ના મુદ્દામાલ કાઢી આપતા, કબજે કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી મેરાજસા ઉર્ફે ગભરુ ઇસ્માઇલશા ફકીર દ્વારા આ ઉપરાંત અન્ય ત્રણ ચોરીઓ તથા ભવનાથ ખાતેથી ઓટો રિક્ષા ચોરી કર્યાની કબુલાત કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી મેરાજશા ઉર્ફે ગભરુ ભૂતકાળમાં પણ અસંખ્ય ઘરફોડ ચોરી , વાહનચોરી, લૂંટ, મોબાઈલ ચોરીઓના ગુન્હાના પકડાયેલ રીઢો આરોપી છે.

16 બાઇક ચોરીના ગુન્હાના અરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી જૂનાગઢ પોલીસ

જૂનાગઢ રેન્જના આઈજીપી શ્રી સુભાષ ત્રિવેદી તથા જૂનાગઢ પોલીસ વડા સૌરભ સિંઘ દ્વારા જૂનાગઢ જિલ્લામાં બનતા વાહન ચોરીના બનાવો ડિટેકટ કરી, આરોપીઓને પકડી પાડી, વાહન ચોરીમાં ગયેલ મુદામાલ રિકવર કરવા માટે જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ.

તાજેતરમાં તા. 07.08.2019 ના રોજ સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓઘડ નગર ખાતે રહેતા ફરિયાદી હરસુખભાઈ રામભાઈ સોલંકીએ પોતાનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ જીજે- 16બીએ-4720 કિંમત રૂ. 25,000/- નું રાયજી બાગ ખાતેથી ચોરી કરવામાં આવેલ હતી. જે અંગે ફરિયાદી હરસુખભાઈ રામભાઈ સોલંકી દ્વારા સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે વાહન ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા , સી ડિવિઝન પો.સ.ઇ. આર.એમ.ચૌહાણ , એન.કે.વાજા તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

જૂનાગઢ જિલ્લાના પોલીસ અધીક્ષક સૌરભ સિંઘ ની સૂચના આધારે જૂનાગઢ ડિવિઝન ના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પો. સબ ઇન્સ. આર.એમ. ચૌહાણ , પો.સ.ઇ. એન.કે.વાજા તથા સ્ટાફની ટીમને પો.કો. રવીન્દ્રભાઇના વાંક તથા પ્રવીણભાઈ વાળા મારફતે સી ડિવિઝન ના પો.સ.ઇ. આર.એમ. ચૌહાણને સીસીટીવી ફૂટેજ તથા ટેકનીકલ સોર્સ આધારે મળેલ માહિતી તેમજ બાતમીદાર દ્વારા મળેલ બાતમી આધારે સુપર કોપ બાઇક પોલીસ સ્ટાફ તથા પોલીસ મોબાઈલ સ્ટાફ સાથે હાજિયાણી બાગ પાસે , સૂરજ ફન વર્લ્ડના નાકા પાસે વાહન ચેકીંગ દરમિયાન ઝીણવટભરી રીતે વાહનો ચેક કરવામાં આવતા , આરોપીઓ (1) યુસુફભાઈ મુસાભાઈ ખેભર ગામેતી ઉવ. 40 રહે. લાખાપીર બાપુની દરગાહ પાસે, મેડિકલ કોલેજની પાછળ, જમાલવાડી, જૂનાગઢ તથા (2) કાસિમ ઉર્ફે શબ્બીર ઉર્ફે બોટી ઉર્ફે ડાડો ઇસ્માઇલભાઇ મકવાણા જાતે બાદશાહ ઉવ. 22 રહે. કરીમાં મસ્જિદ પાસે, જમાલવાડી, જૂનાગઢ ને પકડી પાડી, ધરપકડ કરવામાં આવતા, પકડાયેલ આરોપીઓ ના કબજામાંથી મુદામાલ કબજે કરવામાં આવેલ હતો.

પકડાયેલ બંને આરોપીઓની પૂછપરછ કરતા , પ્રથમ તો પોલીસને જુદી જુદી સ્ટોરી બનાવવામાં આવેલ પરંતુ, સી ડિવિઝન પોલીસ દ્વારા આગવી ઢબે સઘન પૂછપરછ હાથ ધરવામાં આવતા , બંને આરોપીઓ પોપટ બની ગયા હતા અને એક પછી એક કુલ 16 બાઇક ચોરી કારેલાની કબૂલાત કરવામાં આવેલ હતી. પકડાયેલ બંને આરોપીઓએ જૂનાગઢ શહેરના સિવિલ હોસ્પિટલ , રેલવે સ્ટેશન, ગીતા લોજ, ખમધ્રોલ રોડ, સાબલપુર, કેવડા વાડી, આલ્ફા સ્કુલ, જયશ્રી રોડ, રઘુવીર સોસાયટી, ભવનાથ તળેટી, વિગેરે વિસ્તારોમાંથી અલગ અલગ જગ્યાએ 16 મોટર સાયકલ ચોરી કરેલાની કેફિયત પોલીસ સમક્ષ કરવામાં આવતા , સી ડિવિઝન પોલીસ દ્વારા હીરો હોન્ડા, વિગેરે કુલ 16 બાઇક કુલ કિંમત રૂ. 4,03,500/- નો માતબર રકમનો મુદામાલ કબજે કરવામાં આવેલ છે. આમ , સી ડિવિઝન પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ મુદામાલ આધારે એ ડિવિઝન પોલીસ સ્ટેશનની 03 વાહન ચોરી, બી ડિવિઝન પોલીસ સ્ટેશનની 04 વાહન ચોરી, સી ડિવિઝન પોલીસ સ્ટેશનની 02 વાહન ચોરી, જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનની 02 વાહન ચોરી, ભવનાથ પોલીસ સ્ટેશન ની 01 વાહન ચોરી, માંગરોળ પોલીસ સ્ટેશનની 01 વાહન ચોરી, જૂનાગઢ રેલવે પોલીસ સ્ટેશનની 03 વાહન ચોરી મળી કુલ 16 વાહન ચોરીના ગુન્હાઓ ડિટેકટ કરવામાં આવેલ છે.

જૂનાગઢ શહેરના માર્કેટીંગ યાર્ડમાં બનેલ ચકચારી અનડીટેકટ ચોરીના ગુન્હાને ગણતરીના દિવસોમાં શોધી કાઢી છેલ્લા ચાર વર્ષથી માર્કેટીંગ યાર્ડ તથા કારખાનાઓમાં રાત્રી દરમ્યાન ધરફોડ ચોરીઓ કરતી ટોળકીને પકડી પાડી આંતર જિલ્લાની કુલ-૫૪ અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢતી જુનાગઢ પોલીસ

ગઇ તારીખ ૦૬/૦૮/૨૦૧૯ થી ૦૭/૦૮/૨૦૧૯ ના રાત્રી દરમયાન જૂનાગઢ માર્કેટીંગ યાર્ડની અંદર આવેલ ૧૧ જેટલી દુકાનોના નકુચા તોડી રોકડ રકમ રૂા.૧૩ ,૩૭,૫૧૫ તથા સોના ચાંદીના દાગીના કી.રૂા.૧૦,૦૦,૧૦૦/- મળી કુલ રૂા.૨૩ ,૩૭,૬૧૫/- ના મુદામાલની ચોરી થતાં આ કામે એ ડીવીજન પો.સ્ટે. ગુ.ર.નં.ફ.૧૮૦/૧૯ ઇ.પી.કો.ક.૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. સદરહું બનાવ સમગ્ર સોરઠ પંથકમાં ચોરી ખુબ જ ચકચાર પામતાં ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ જૂનાગઢ રેન્જના વડા શ્રી સુભાષ ત્રિવેદી સાહેબની સુચના થી જૂનાગઢ જીલ્લાના પોલીસ વડા શ્રી સૌરભ સિંધ સાહેબએ અંગત રસ દાખવી બનાવ સ્થળની જાતેથી મુલાકાત કરી પોતાના નીગરાણી હેઠળ જૂનાગઢ ડીવીજનના નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી.જી.જાડેજાના નેતૃત્વ હેઠળ તથા જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચ તથા જૂનાગઢ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા જૂનાગઢ શહરે એ ડીવીજન પો.સ્ટે. ના સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી વ્હેલામાં વ્હેલી તકે આ ગુન્હો અનડીટેકટ હોય. જે ડીટેકટ કરી આરોપીઓને પકડી પાડી મુદામાલ રીકવર કરવા સુચના કરતાં આ કામે બનાવ સ્થળ નજીકમાં આવેલ સી.સી.ટી.વી.ના ફુટેજો મેળવી તેનું અવલોકન કરવામાં આવેલ. તેમજ ખાસ ટેકનીકલ ટીમની મદદ મેળવી આ ગુન્હો વ્હેલી તકે શોધી કાઢવા પોલીસ દ્વારા અથાક પ્રયત્નો હાથ ધરતાં જાણવા મળેલ કે , આ બનાવને બે અજાણ્યા ઇસમોએ અંજામ આપેલ છે. જેથી આ દિશામાં વધુ કાર્યવાહી હાથ ધરતાં ***જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચના ઇચા.પો.ઇન્સ. આર.કે.ગોહિલ તથા ડીટેકશન સેલના પો.સ.ઇ. ડી.એમ.જલુ તથા પો.સ્ટાફને સંયુકતમાં ખાનગી બાતમીદાર દ્વારા ચોકકસ હકિકત મળેલ કે,***આ ગુન્હાને અંજામ આપનાર બે ઇસમો સ્પેલન્ડર મો.સા.નંબર ૧૬૭૬ માં મજેવડી ગામથી માખીયાળા ગામ થઇ વડાલ ગામથી જેતપુર તરફ જવાના છે. જે હકિકત આધારે એલ.સી.બી. , એસ.ઓ.જી. તથા એ ડીવી પો.સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી વડાલથી માખીયાળા ગામ તરફ જતાં રેલ્વે ફાટકથી આગળ વળાંક ઉપર વોચ ગોઠવતાં ઉપરોકત વર્ણન વાળા મો.સા. ઉપર ૧) મુકેશ ઉર્ફે મુકો સ /ઓ વલ્લભભાઇ ભારથીભાઇ રાજાણી તથા ૨) ભરતભાઇ સ/ઓ બચુભાઇ મોહનભાઇ રહે. બન્ને જેતપુર વાળાઓને રોકડ રકમ તથા પીળી ધાતુના દાગીના સાથે મળી આવતાં બન્ને ઇસમોને જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચ ખાતે લાવી પુછપરછ કરતાં ગુન્હાની હકિકત જણાવતાં ઉપરોકત ગુન્હાના કામે બન્ને ઇસમોને ધોરણસર અટક કરેલ. અને તે બન્ને ઇસમોની સાથે ચોરીઓ કરવામાં સામેલ ઇસમ સોમા ઉર્ફે સોમલ ઉર્ફે ભોજો સ /ઓ ભાણજીભાઇ જીવરાજભાઇ પરમાર રહે. મજેવડી વાળાને તેનાં ઘરેથી પકડી પાડી ધરોણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

- **કબ્જે કરવામાં આવેલ મુદામાલઃ-**

  ૧) સોનાની ગીની નંગ-૨ કિ.રૂ.૬૯,૦૦૦/-
  ૨) સોનુ મઢેલ ગાભા (કડા) નંગ – ૨ કિ.રૂ.૪૬,૯૦૦/-
  ૩) સફેદ મોતી મઢેલ સોનાની માળા નંગ-૧ કિ.રૂ.૮૩,૨૦૦/-
  ૪) સોનાનુ મંગલસુત્ર બે સર વાળુ નંગ – ૧ કિ.રૂ.૪૦,૪૦૦/-
  ૫) સોનાનુ મંગલ સુત્ર ત્રણ સર વાળુ નંગ – ૧ કિ.રૂ.૭૧,૭૫૦/-
  ૬) સોનાનો ચેન – ૧ કિ.રૂ.૪૬,૨૫૦/-
  ૭) સોનાની વીટી નંગ – ૩ કિ.રૂ.૩૨,૭૦૦/-
  ૮) સોનાના પેન્ડલ સેટ નંગ – ૩ તથા બુટી નંગ – ૬ કિ.રૂ.૭૭,૨૦૦/-
  ૯) સોનાનો પોકલ ચેન નંગ – ૧ કિ.રૂ.૧,૧૨,૫૦૦/-

૧૦) સોનાની તુલસીની કંઠી નંગ – ૧ કિ.રૂ.૪૭,૪૦૦/-

૧૧) સોનાનો સેટ હાર અને બુટી નંગ – ૨ કિ.રૂ. ૮૫,૬૦૦/-

૧૨) રોકડા રૂપીયા કિ.રૂ.૪,૫૭,૪૯૦/-

૧૩) મો.સા.-૧ કી.રૂા.૨૫ ,૦૦૦/-

૧૪) એલ.ઇ.ડી. ટીવી -૨ કી.રૂા.૨૦,૦૦૦/-

૧૫) લેપટોપ-૧ કી.રૂા.૧૫ ,૦૦૦/-

૧૬) મો.ફોન – ૩ કિ.રૂ.૧૫૦૦/-

કુલ કબ્જે કરવામાં આવેલ મુદામાલની કિ.રૂા.૧૨,૩૧,૮૯૦/-

- **આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસઃ-**
  - ✓ આરોપી નં.૧ તથા ૨ પાંચેક વર્ષ અગાઉ મજેવડી ગામમાં આવેલ દુધની ડેરીમાં થયેલ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
  - ✓ આરોપી નં. ૨ તથા ૩ જૂનાગઢ જોષીપરામાં આવેલ બ્લુ સ્ટાર મોબાઇલ ની દુકાનમાં ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
  - ✓ આરોપી નં.૧ તથા ૨ અગાઉ પ્રોહીબીશનના ગુન્હામાં પકડાયેલ છે.
  - ✓ આરોપી નં.૨ અગાઉ મારામારીના ગુન્હામાં પકડાયેલ છે.
  - ✓
- **જિલ્લા વાઇઝ ચોરીની વિગતઃ-**
  - જૂનાગઢ-૨૧
  - રાજકોટ ગ્રામ્ય-૨૬
  - મોરબી-૨
  - જામનગર-૩
  - રાજકોટ શહેર-૨